
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, પેલા નેતાએ કહ્યું તેમ હું આફતને અવસરમાં ફેરવવા ગયો... તમે બેડ રેસ્ટ કરવા કહ્યું તો મે... ડાન્સ પાર્ટી રાખી ડાન્સ કર્યો... એમાં હાથ હતો તેવો જ થઈ ગયો...!!

# હાઈસિક્યુરીટી નંબર પ્લેટ મામલે વાહનમાલિકોમાં નિરસતા

## ત્રણ દિવસના કેમ્પમાં ૪૦૧ નંબર પ્લેટ ફીટ કરાઇ : બેકલોગ દુર કરવા માટે હજુ પણ કેમ્પ યોજાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં નવી એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવા માટે કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ ત્રિદિવસીય કેમ્પ દરમિયાન ૪૦૧ નંબર પ્લેટ લગાવામાં આવી હતી. જો કે ટુંકમાં જ એજન્સીનો કોન્ટ્રાકટ પુર્ણ થવાનો છે.ત્યારે હાલની સ્થિતિએ નંબર પ્લેટના ઢગ ખડકાયેલા છે.આવા સંજોગોમાં એજન્સીનો કોન્ટ્રાકટ પુર્ણ થવાનો હોવાથી નંબર પ્લેટ લગાવશે કોણ તે પણ પ્રશ્ન ઉઠવા પામ્યો છે. વાહનમાલિકો હજુ નંબર પ્લેટ ફીટ કરવામાં નિરસતા સેવી રહયા છે . ત્યારે નંબર પ્લેટના મામલે બેકલોગ દુર કરવા માટે હજુ પણ આર ટી ઓ કચેરી દ્વારા કેમ્પનુ આયોજન કરવામાં આવશે.


ગાંધીનગર આર ટી ઓ કચેરી છેલ્લા ઘણાં સમયથી વિવાદોથી ઘેરાયેલી છે. ત્યારે આર ટી ઓ કચેરીમાં ટેકનિકલ ખામીના લીધે અરજદારો માટે અનેક પ્રશ્નો સર્જાય છે. આવા સંજોગોમાં વાહનો પર એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાના મામલે પણ અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. એકબાજુ એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાના મામલે વાહન માલિકોની નિરસતાના લીધે પણ સ્ટોકનો ભરવો થયો છે. આ માટે આર ટી ઓ તંત્ર દ્વારા ત્રિદિવસીય કેમ્પનુ આયોજન કરી ૪૦૧ વાહનોમાં નંબર પ્લેટ લગાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. ત્યારે હજુ ઘણાં કિસ્સામાં જુની નંબર પ્લેટ લગાવાની બાકી છે. આર ટી ઓ એ જે એજન્સીને કામ સોંપ્યુ છે. તેનો કોન્ટ્રાકટ પણ પુરો થવાની તૈયારીમાં છે. આર ટી ઓ કચેરીમાં નંબર પ્લેટના મામલે બેકલોગનુ ભારણ છે. ત્યારે વાહનોમાં નંબર પ્લેટ લગાવાનુ કામ પણ ટલ્લે ચઢે તેવી સ્થિતિ છે. જો કે બેકલોગના નિકાલ માટે આર ટી ઓ તંત્ર દ્વારા હજુ પણ કેમ્પનુ આયોજન કરવામાં આવશે.

# સિવિલમાં કોન્ટ્રાક્ટ કર્મચારીના શિરે મહત્વની જવાબદારી..!

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે. ૧૦ સ્થિત બિરસા મુંડા ભવનમાં ખાનગી કોન્ટ્રાક્ટ હેઠળ કામગીરી કરતા કર્મચારીએ લાખો રૂપિયાની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યુ હતું. ત્યારબાદ તંત્ર દ્વારા ખાસ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે ખાનગી કોન્ટ્રાક્ટમાં નોકરી કરતા કર્મચારીને કચેરીમાં નાણાંકીય જવાબદારી સોંપવી નહી. તેવો આદેશ આપ્યો હતો. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઉટ સોર્સિંગના સ્ટાફ પાસે જ એકાઉન્ટ સહિતની જવાબદારી સોંપવામાં આવી છે.

ગાંધીનગરમાં બે વર્ષ અગાઉ બિરસા મુંડા ભવન ખાતે ખાનગી કોન્ટ્રાક્ટમાં ફરજ બજાવતા કર્મચારીએ લાખો રૂપિયાની ઉચાપત કરી હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો હતો. આ ઘટનાને પગલે પાટનગરની તમામ કચેરીઓ ચોંકી ઉઠી હતી. અને મહત્વની જગ્યાએ હોય તેવા ખાનગી કર્મચારીઓને અન્યત્ર બદલી દેવાયા હતા. ઉચાપતને પગલે કચેરીની મહત્વની જવાબદારી કે નાણાની કોઈ બાબત આઉટસોર્સીંગના કર્મચારી કે કોન્ટ્રાક્ટ સ્ટાફને નહીં સોંપવા માટે તંત્ર દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો અને આ પરીપત્રમાં નાણાની જવાબદારી ખાનગી કંપનીના કર્મચારીને નહીં આપવાનો ઉલ્લેખ કરાયો હતો. તેમ છતાં ગાંધીનગર સિવિલમાં એકાઉન્ટ વિભાગની કામગીરી ખાનગી કોન્ટ્રાક્ટના કર્મચારી પાસે રહેલી છે તે કેટલા અંશે ઉચિત ગણાય? કર્મચારીની બેદરકારીને પગલે સિવિલના કર્મચારીઓનો પગાર પણ અટવાઈ જાય છે. ત્યારે મહત્વની જવાબદારી ખાનગી એજન્સીના કર્મચારીને સોંપવા સામે પણ ઘણા સવાલો ઉભા થયા છે.



પાટનગરના મોકળા માર્ગો પર બેફામ જતા વાહનોના છાશવારે અકસ્માતો સર્જાવાની ઘટના પોલિસ ચોપડે નોંધાતી રહે છે. જેમાં તાજેતરમાં જ સંખ્યાબંધ ઘટનાઓમાં મૃત્યુના સમાચારો પણ જોવા મળ્યા છે. આજે રાજમાર્ગ ગણાતા જ માર્ગ પરથી પસાર થતી હિમાચલ પ્રદેશ પાસીંગની લકઝુરીયસ કાર ફોર્ચ્યુનરને પાછળથી બેફામ ગતિએ આવી રહેલી કારે ટકકર મારી હતી. આ બે કાર વચ્ચે સર્જાયેલા અકસ્માત બાદ બંને કારચાલકો બહાર ઉતરે તે પહેલા જ પાછળથી ધસમસતી આવતી ત્રીજી એસ્ટીમ કાર પણ તેમાં ઘુસી ગઈ હતી અને ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની કે કોઈ મોટું નુકશાન થવા પામ્યું ન હતું.

## ચૂંટણી ચોતરેથી

- જન વિકલ્પ આજથી ઉમેદવારોની પસંદગીની કામગીરી આરંભશે અને ૭મી સુધી સંપન્ન કરશે.
- ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ આજથી પાંચ દિવસના ગુજરાત પ્રવાસે. જેમાં આજે બે મહાનગર અને છ જિલ્લાઓના કાર્યક્રમોમાં હાજરી આપશે.
- કેન્દ્રિય નાણાંમંત્રી અને ગુજરાતના ચૂંટણી પ્રભારી અરૂણ જેટલી આજે એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે. પ્રદેશ કાર્યાલય ખાતે પ્રચાર-પ્રસારની કામગીરીની સમીક્ષા કરશે.
- જાણીતા એક્ટિવીસ્ટ અને દલિત સમાજના આગેવાન જીજ્ઞેશ મેવાણી સાંજે પાંચ વાગે દક્ષિણ ગુજરાતના ઈટાવા ખાતે રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી.
- પાસના નેતા હાર્દિક પટેલે આજે સુરત ખાતે બે કેસમાં કોર્ટમાં હાજરી આપી હતી.
- પંચાયત મંત્રી જયંતિ કવાડીયાએ ચૂંટણી નહી લડવાની જાહેરાત પાછી ખેંચી.
- મહેસાણાના પાસના નેતા નરેન્દ્ર પટેલે મીડિયા સમક્ષ કહ્યુ હતુ કે મારે જાનનુ જોખમ છે. મારી પાસે ઓડિયો ક્લીપ અને સાક્ષી છે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બારડોલી ખાતે જૈનાચાર્ય રત્નસુંદર વિજય મહારાજ સાહેબના દર્શનનો લાભ લીધો હતો.

# શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગરના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ શાહની વરણી

ગાંધીનગર, તા.૩

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગરની એક બેઠક તાજેતરમાં



સેકટર-૭ની લગ્નવાડી ખાતે યોજાઈ હતી. શ્રી કોટયર્ક પ્રભુના સાનિધ્યમાં ઓચ્છવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌ ભકતોએ પ્રસાદી લીધી હતી અને ત્યારબાદ વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ બે વર્ષ માટે સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગરના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ શાહની વરણી કરવામાં આવી હતી. જયારે અન્ય હોદેદારોમાં ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ.વી.મહેતા, અને ભુપેન્દ્રભાઈ.ડી.શાહ, મહામંત્રી તરીકે વૃષાંગ.જે.ઠેકડી, સહમંત્રી તરીકે સંજયભાઈ શાહ, સંગઠન મંત્રી તરીકે મનીષભાઈ.એચ.શાહ, ખજાનચી તરીકે બી.જે.શાહ અને નવીનભાઈ શાહ, સાંસ્કૃતિક મંત્રી તરીકે લોકેશભાઈ શાહ, તેમજ કારોબારી સભ્યો તરીકે મહેન્દ્રભાઈ શાહ, મનોજભાઈ સરૈયા, દીપક મધૂસુદન ગાંધી, મહિલા પ્રતિનિધી તરીકે શીલાબેન શાહ અને સ્મિતાબેન તલાટીની વરણી કરવામાં આવી છે. જયારે ટ્રસ્ટી અને સલાહકાર તરીકે કનુભાઈ એસ.શાહની નિમણુંક કરાઈ છે.

# ઠંડીનો માહોલ પકડાતાં ખેડૂતો રવિ સીઝનની વાવણીમાં વ્યસ્ત : પાક પેટર્નમાં બદલાવ જોવા મળ્યો

## ઘઉં-બટાટાનું હજુ વાવેતર જોવા નથી મળ્યુ પણ ચણા અને તમાકુનું વાવેતર નોંધાયું : સૌથી ઓછું વાવેતર ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનો ચમકારો શરૂ થતાં જ ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે તેમજ ખેડૂતોએ રવિ સીઝનની વાવણીનો પ્રારંભ કરી દીધો છે.

હવામાનમાં થઈ રહેલા બદલાવને કારણે આ વખતે ખરીફ સઝનની વાવણી પણ મોડી શરુ થઈ છે.

જિલ્લામાં આ વખતે ખેડૂતો ચણા અને તમાકુના વાવેતરમાં સારો રસ દાખવી રહ્યાનું જણાયું છે. જિલ્લામાં રવિ સિઝનનું વાવેતર ૫ હજાર હેકટર વિસ્તારમાં અત્યાર સુધીમાં થયું છે.

આ વાવેતર પૈકી ૫૦૦ હેકટરમાં ચણાનું વાવેતર થયું છે તેમજ ૪૦૦ હેકટરમાં કલકત્તી તમાકુનું વાવેતર થયાનું જણાયું છે. ફેર રોપણીના પાકમાં વરિયાળીનું પણ વાવેતર પણ સારું થયુ છે.

જો કે જિલ્લાના મુખ્ય પાક રવિ સીઝનમાં જે છે તે ઘઉં અને બટાટાનું વાવેતર હજુ થયું નથી. રવિ સીઝનમાં આ વાવેતર હવે શરૂ થશે. ઠંડી હજુ આ પાકને જોઈએ તેવી જામી ન હોવાનું ખેડૂતોનું કહેવું છે. જિલ્લામાં સામાન્યતઃ ૬૫ હજાર હેકટર વિસ્તારમાં રવિ સીઝનનું વાવેતર થતું હોય છે.

શાકભાજીના પાકોનું વાવેતર ૮૫૧ હેકટરમાં અને ઘાસચારાનું વાવેતર ૨૮૦૦ હેકટરમાં થયું છે.

માણસામાં રવિ સીઝનનું વાવેતર ૨૦૬૮ હેકટરમાં તો કલોલમાં ૯૪૮ હેકટરમાં ગાંધીનગરમાં ૧૭૫૦ હેકટરમાં અને દહેગામમાં ૧૪૪૨ હેકટરમાં વાવેતર થયું છે.

જિલ્લામાં સૌથી ઓછું વાવેતર હજુ ગાંધીનગર તાલુકામાં થયું છે. દિવસ દરમિયાન હજુ પણ વધુ ગરમી પડતી હોવાથી ખેડૂતો વાવણી માટે એટલા ઉત્સાહી નથી પરંતુ ઠંડીના આગમનને લઈ તેમણે વાવણીનો આરંભ કરી દીધો છે.

# શહેરના મુખ્ય ઘ માર્ગની બંન્ને બાજુએ ખાનગી કલાસચાલકે સંખ્યાબંધ બેનર લટકાવ્યા છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ પર આવેલ વન વિભાગની તાર ફેન્સીંગની વાડ પર ઘ-૦ થી લઈને ઘ-૬ સુધીમાં એક ખાનગી સ્પર્ધાત્મક કલાસના સંચાલક દ્વારા સંખ્યાબંધ બેનરો લટકાવી પોતાની જાહેરાત કરી રહ્યા છે. સરકારી જમીનની તાર ફેન્સીંગ જાણે ભાડે રાખી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આવી રીતે સરકારી જમીનનો જાહેરાત માટે ઉપયોગ કરતા વ્યકિતઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની જરુરીયાત ઉભી થવા પામી છે.

રાજયના પાટનગરમાં સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસનો ધીકતો ધંધો અત્યારે હાલ પુરજોશમાં ચાલી રહ્યો છે. અમદાવાદમાં નથી તેટલા કલાસ નાનકડા શહેરમાં આવેલા છે. ગાંધીનગરમાં ૧૦૦ થી વધુ સ્પર્ધાત્મક કલાસની હાટડીઓ ધમધમી રહી છે. દરેક કલાસમાં ભારે માત્રામાં વિદ્યાર્થીઓ હોય છે. જયારે એક લેકચરમાં ૭૦ થી વધુ ઉમેદવારો બેઠા હોય છે. દરેક કલાસનો રૂમ ઉમેદવારોથી ખીચોખીચ ભરાઈ જાય છે. રાજયભરમાંથી હજ્જારો વિદ્યાર્થીઓ અત્યારે હાલના સમયે ગાંધીનગર વિવિધ પરિક્ષાની તૈયારી માટે આવેલા છે. પરિક્ષા આપવા માટે આવતા ઉમેદવારો મોટા કલાસીસ જોઈને અંજાઈ જાય છે જેનો ભરપુર લાભ કલાસના સંચાલકો ઉઠાવી રહ્યા છે.ઉમેદવાર દીઠ હજ્જારો રૂપીયા ફીના નામે ખંખેરવામાં આવે છે. શહેરના મુખ્ય માર્ગ ઘ માર્ગ પર કલાસની હાટડીઓ માટે હોટ ફેવરીટ છે. ઘ-૨ની આસપાસ તો કોલજ જેવો માહોલ દિવસભર જોવા મળે છે. ત્યારે એક ખાનગી કલાસ સંચાલક દ્વારા શહેરના મુખ્ય ઘ માર્ગ પર બંન્ને બાજુ પર બેનરો લટકી રહ્યા છે.

# આગામી દિવસોમાં વનતંત્રને ઓનલાઈન ફરિયાદ કરી શકાશે

## ટ્રીમીંગ કટીંગ સહીતની ફરિયાદોનુ ત્વરિત નિરાકરણ આવશે : ટુંકમાં વેબસાઇટ તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ સહીતની સમસ્યાઓના નિવારણ માટે ઓનલાઈન ફરિયાદ સ્વીકારવામાં આવશે. જયારે ફરિયાદના નિરાકરણના અંતે સેકટરવાસીઓને જાણ પણ કરી દેવાશે. વનતંત્ર દ્વારા સ્થાનિક રહીશોની ફરિયાદોનુ ઓનલાઇન જ નિરાકરણ લાવી દેવાશે. આ માટે ટુંકમાં વેબસાઈટ પણ તૈયાર કરી દેવાશે. જો કે વનવિભાગની મંજુરીના અંતે આ ઓનલાઈન ફરિયાદ નિવારણ સાઈટ ખુલ્લી મુકાશે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સહીતના વિસ્તારમાં સંખ્યાબંધ વૃક્ષોનુ અસ્તિત્વ છે. વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા આ હરિયાળા નગરમાં વૃક્ષોની કટોતી સહીત વૃક્ષોના ટ્રીમીંગ સહીતની અનેક ફરિયાદો સ્થાનિક રહીશોમાં ઉઠતી હોય છે. સેકટરોમાં પણ વૃક્ષોની ડાળીઓ નમી જવા સહીત ભયજનક વૃક્ષો પણ જોખમી બન્યા હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. શહેરના મુખ્યમાર્ગો પર સાઈન બોર્ડ માટે વૃક્ષો આડશ બનતા હોવાનો રોષ પણ નાગરિકોમાં જોવા મળે છે. શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે હરિયાળી બરકરાર રાખવા માટે જરૂરી પગલા લેવાય તે અનિવાર્ય છે. વનતંત્રની આરક્ષિત જમીનમાં પણ દબાણો તેમજ ઝુંપડા અને ગંદકી અસ્તિત્વમાં આવતા સ્થાનિક રહીશો માટે શિરદર્દ સર્જાતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે.ત્યારે હવે વનતંત્ર દ્વારા સેકટરના રહીશોની ફરિયાદો નિવારવા માટે નવતર અભિગમ અપનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. વનતંત્ર દ્વારા ઓનલાઈન ફરિયાદ નિવારણ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. જેમાં સેકટરમાં રહીશો દ્વારા વૃક્ષોના ડાળા કાપવા સહીત ટ્રીમીંગ ઉપરાંત ફરિયાદ સંદર્ભે તેમજ સમસ્યાના નિરાકરણ અંગેની જાણકારી પણ ઓનલાઈન આપવામાં આવશે. ફરિયાદ મળતા જ નાગરિકોને ઓનલાઈન પ્રતિભાવ પણ આપવામાં આવશે. જો કે વનતંત્ર દ્વારા આ મામલે તૈયાર કરાયેલી દરખાસ્ત વિભાગ સમક્ષ રજુ કરી દેવાઈ છે. દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

## સુંદરકાંડના પાઠ યોજાશે

કળયુગના ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની સાધના-આરાધના ઉપાસના કરતો સુંદરકાંડના પાઠ તા.૪ નવેમ્બરને શનિવારના રોજ દેવદિવાળી નિમિતે યુવા કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે સંગીતમય સુદરકાંડના પાઠ બી-૪૯ સીપી નગર વિભાગ-૧ ઘાટલોડીયા અમદાવાદ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યજમાન અનિલ સોની પરિવાર દ્વારા સૌ ભકતોને પધારવા હાર્દિક અનુરોધ કર્યો છે.

## ગુરૂનાનક જયંતિએ શુભેચ્છાઓ પાઠવતા પરમજીત કૌર

ગાંધીનગર, તા. ૩

શીખ ધર્મના પ્રથમ ગુરુ શ્રી ગુરૂનાનક દેવજીના ૫૪૯મા પ્રકાશવર્ષની ઉજવણી ૪મી નવેમ્બર-૨૦૧૭ના રોજ આખા વિશ્વમાં ભારે ધૂમધામથી મનાવવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતવાસીઓને અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના નિયામક શ્રીમતી પરમજીત કૌર છાબડા દ્વારા શીખ વતી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

શ્રી ગુરૂ નાનકદેવજીની પ્રકાશ પર્વ ઉજવણી નિમિત્તે સમગ્ર ભારતમાં વિશાળ શોભાયાત્રા, કથા કીર્તન, પ્રભાત ફેરી અને ગુરૂ કા લંગરનું આયોજન ખૂબ ધૂમધામથી કરવામાં આવે છે.

# મોદી વિકાસનું એન્જિન બની ગયા : રૂપાલા

## ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાને ૧૦ વર્ષ સુધી કેમ મંજુરી ન આપી : કોંગ્રેસી નેતાઓ જનતાને જવાબ આપે

અમદાવાદ, તા. ૩

કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ ભાજપ મીડિયા સેન્ટર ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા



ગુજરાતના સપૂત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિકાસનું એન્જીન ગણાવ્યું હતું. કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી સમયે જ કોંગ્રેસને ગુજરાત યાદ આવે છે. તીડની જેમ ઉતરી પડેલા કોંગ્રેસી નેતાઓ ગુજરાત આવીને માત્રને માત્ર ગુજરાત તેમજ ગુજરાતીઓને બદનામ કરે છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાને ૧૦ વર્ષ સુધી કેમ મંજુરી ન આપી. કોંગ્રેસના નેતાઓ આ અંગે તેમનું મૌન ખોલીને તેનો સચોટ જવાબ ગુજરાતની જનતાને આપે તેવી માંગણી રૂપાલાએ કરી હતી. રૂપાલાએ હાલના ગુરાતના વાર્ષિક ૧૭૧૦૭૩ કરોડના વાર્ષિક બજેટ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં ગુજરાતનું બજેટ માત્ર ૧૦ હજાર કરોડ હતું, અત્યારે એક એક યોજના પર ગુજરાત ૧૦ હજાર કરોડથી વધુ ખર્ચ કરી રહી છે. ગુજરાતનું આટલું મોટુ બજેટ જોઈને કોંગ્રેસ નેતાઓની લાળ ટપકે છે. ગુજરાતની શાણી-સમજુ પ્રજા કોંગ્રેસનો ભ્રષ્ટાચારી પંજો ક્યારેય ગુજરાત પર પડવા દેશે નહીં તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રૂપાલાએ ગુજરાતના વિકાસ વિશે જણાવ્યું હતું કે, ૨૦૦૨માં કુદરતી પ્રકોપ, ભૂકંપના કારણે કચ્છ તહેસનહેસ થઈ ગયું હતું. ભાજપાએ એવી આફતોમાંથી અવસર પેદા કરીને કચ્છને બેઠું કર્યું છે. ૧૦ હજાર રૂપિયે વિઘો વેચાતી કચ્છની જમીન આજે ૧૦ લાખ રૂપિયે વિઘો વેચવા અમારા કચ્છીભાઈઓ આજે તૈયાર નથી. કોંગી નેતાઓ ગુજરાતમાં આવીને ગુજરાતને જ વગોવીને મતોનું રાજકારણ કરે છે, ગુજરાતની જનતા આવી ઢોંગી કોંગ્રેસને સારીરીતે ઓળખી ચુકી છે.

આજે પણ રાજ્યસભામાં વરિષ્ઠ કોંગ્રેસી નેતા દિગ્વિજયસિંહ શું કામ નર્મદાનો વિરોધ કરે છે તેનું વલણ કોંગ્રેસના નેતાઓ સ્પષ્ટ કરે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ